. REGISTERED No. GRJ-24

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL.XLVIII ] THURSDAY, 28th JUNE 2007 /ASHADHA 7, 1929 [ No.42

Separate paging is given to each part of the supplement to the Central Gazetteand Central section in order that it may be filed as a separate copilation

PART-II EXTRAORDINARY

## સુરત મહાનગર સેવા સદન

**મોજે: પુણા વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૬૦ (પુણા) તૈયાર કરવા બાબત.**

### અધિસૂચન

નં. ટીપીડી/૩૦૨૫.- ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ; ગાંધીનગરના તા. ૨૭/૧૨/૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૧-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી. પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગર સેવા સદનને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગર સેવા સદનનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૨૧/૦૭, તા. ૨૨-૦૬-૨૦૦૭ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૬૦માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ પુણા વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૬૦ (પુણા) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગર સેવા સદનમાં ટાઉન પ્લાનરશ્રીની કચેરીના નોટીસ બોર્ડ પર, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત, ૨૭ માહે જૂન સને ૨૦૦૭.

(સહી), અવાચ્ય,
કમિશનર,
સુરત મહાનગર સેવા સદન.

ઠરાવ :

સુરત મહાનગર સેવા સદનની નગર નિયોજન સમિતિની તા. ૨૨-૦૬-૨૦૦૭નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૧૩-૦૬-૨૦૦૭નાં પત્ર નં. સીસીસ/૮/૧૦ થી વિદિત થઈ, ફાઈલમાં સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં નગર રચના યોજના સુરત નં. ૬૦ (પુણા) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા સદર અધિસુચનનો બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં એક એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીનાં રાજ્યપત્રોમાં પ્રસિધ્ધ કરવાનું તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૨૧/૦૭ સર્વાનુમતે મંજુર.

---

**સુરત મહાનગર સેવા સદન**

**મોજે: કોસાડ-વરીયાવ વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૬૬ (કોસાડ-વરીયાવ) તૈયાર કરવા બાબત.**

**અધિસુચના**

નં. ટીપીડી/૩૦૨૪.- ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭/૧૨/૦૬નાં હુકમ ક્રમાંક :યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી. પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગર સેવા સદનને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગર સેવા સદનનાં સામાન્ય સભાનાં ઠરાવ નં.૨૨/૨૦૦૭, તા. ૨૨-૦૬-૨૦૦૭ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૬૬માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ કોસાડ-વરીયાવ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૬૬ (કોસાડ-વરીયાવ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગર સેવા સદનમાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત, ૨૭ માહે, જૂન સને ૨૦૦૭.

(સહી), અવાચ્ય,<br>
કમિશ્નર,<br>
સુરત મહાનગર સેવા સદન.

ઠરાવ :

સુરત મહાનગર સેવા સદનની નગર નિયોજન સમિતિની તા. ૨૨-૦૬-૨૦૦૭નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૧૩-૦૬-૨૦૦૭નાં પત્ર નં. સીસીસ/૮/૯ થી વિદિત થઈ, ફાઈલમાં સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં નગર રચના યોજના, સુરત નં. ૬૬ (કોસાડ-વરીયાવ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું, સદર અધિસુચનને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાન પત્રમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું, ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીનાં રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવાનું તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૨૨/૨૦૦૭ સર્વાનુમતે મંજુર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.